**ક્રિમીનલ કેસ નંબર:–249/2026**

**આંક–૧ લગત હુકમ**

૧. ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ આંક:૧ વાળી ચાર્જશીટમાં જણાવ્યા મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે, બનાવ સ્થળે પોતાના કબજાનું વાહન નશો કરેલી હાલતમાં ચલાવી લાવી તથા મો.સા.ચલાવવા બાબતનુ લાયસન્સ સાથે નહી રાખી પકડાઈ જઈ એમ.વી.એકટ કલમ– ૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે જે સબંધે અત્રેની અદાલતમાં ચાર્જશીટ થયેલ છે.

૨. આ કામે આરોપી તેમના વિ.વ.શ્રી મારફત અત્રેની અદાલતમાં હાજર થતાં, બી.એન.એસ.એસની કલમ: ૨૩૦ નું પાલન કરતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે.

૩. બાદ બી.એન એસ એસની કલમ: ૨૭૪ અન્વયે આરોપીને ઉકત ગુના સંબંધેનો જવાબ લેતાં તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ સ્વેચ્છાએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. તથા તેમણે પોતાની સામેના ગુના અંગેની કબુલાત પુરશીશ પણ રજુ કરેલ છે.

૪. આરોપીએ પોતાની ગુના કબુલાત પુરશીશમાં દયાની અરજ કરેલ છે અને દલીલમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને બાળબચ્ચા તથા કુટુંબ કબીલાવાળા ઈસમ છે તેમજ કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના ઉપર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેમ જણાવી દયાની માંગણી કરલ છે તથા આરોપીની કબુલાત આ સ્વેચ્છીક કબૂલાત જણાઈ આવે છે.

૫. આમ આરોપીને સ્વૈચ્છિક કબુલાત, પરિસ્થિતિ, દયાની માંગણી, કાયદાકીય જોગવાઈ તથા કેસના સંજોગો અને હકીકતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુકમ ::–**

આ કામના આરોપી રમુભાઇ ઉર્ફે અજય મનુભાઇ રાઠવાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ:૨૭૫ અન્વયે તેમની સામેના મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી.એક્ટ કલમ ૬૬(૧)(બી)ના ગુનામાં તક્સીરવાર ઠરાવી રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ભરપાઈ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૧૧ મી માહે જુલાઇ સને–૨૦૨૬ ના રોજની નેશનલ અદાલતમાં વાંચી  સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : તિલકવાડા.

(**મહેશભાઈ લાખાભાઈ ચોથાણી**)
મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તિલકવાડા. જી.નર્મદા.
**જીજે ૦૧૪૩૮**